ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ફરજ અને સત્તા વચ્ચે ભિડાય છે પોલીસ!*
*સુરક્ષા-બંદોબસ્ત વચ્ચે પિલાય છે પોલીસ!*
*સિવાય જીભ, વિલાય આરોગ્ય શિસ્તના ભારે -*
*અનિંદ્રા, અશક્તિ, પાકથી રિબાય છે પોલીસ!*

### હાઈકુ

*લ્યો! ફાકો હવા!*
*ઉડ્યું પ્રજાનું નાણું -*
*પતંગોત્સવે...*

*‘ઉદ્યોગ હોળી...’*
*દૂખ્યું પ્રજાનું નાણું -*
*ગેસ બેસીને...*

### ચિંતન

**આબ ગયા આદર ગયા, નૈનન ગયા સનેહ, યહ તીનોં તબહી ગયેં, જબહિં કહા કછુ દેહ**

વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગમાં ભૌતિક સંપત્તિમાં અવશ્ય વધારો થયો છે. માનવી સંબંધોમાં ખાસ કરીને મિત્રતામાં જ્યારે અપેક્ષાઓ વધી જાય છે ત્યારે અરસપરસની લાગણીઓને ધક્કો લાગે છે.

જે વ્યક્તિ પ્રત્યે મિત્ર કે સંબંધીને માન હોય, ઈજ્જત હોય, સ્નેહ હોય તેના તરફથી કાંઈ માગણી થાય તો સામાપક્ષે સંકોચ થાય કે નારાજગી થાય. માગવાવાળાએ હંમેશા આભારના ભાર તળે દબાવું પડે છે. આથી તેની પ્રત્યે જે આબરૂ, આદર અને સ્નેહ હોય તેમાં ઘટાડો થાય છે.

બલિરાજા પાસે ભિક્ષુકરુપે આવતાં ભગવાને પણ વામનરુપ ધારણ કરવું પડે છે. સાદું જીવન અને ઉચ્ચ વિચાર હોય તો માગવાનો પ્રસંગ જવલ્લે જ આવે છે. કબીરજીનું જીવન ગરીબીમાં પસાર થયું પણ ભૂખ્યા રહીને પણ તેમને અને તેમનાં પત્ની લોઈએ આગંતુકોને જમાડ્યા. તેની કબીરજીએ પ્રભુ પ્રાર્થના કરી કે,

“સાંઈ ઈતના દીજીએ, મેં ભી ભૂખા ના રહું, સાધુ ન ભૂખા જાય.”

### સુવિચાર

- જેણે સહન કરી છે છીણી, એ જ બન્યો છે પથ્થર ઈશ્વર વાત ઝીણામાં ઝીણી - **વિનોદ ગાંધી**
- ગુસ્સો મસ્તકના દીવાને ઓલવી નાખે છે - **અરબી કહેવત**
- લાગણી એ જ માનવજાતને બુદ્ધિપૂર્વક વિચારતા શીખવ્યું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ક્ષણ ભલે ને ક્ષણજીવી હોય પણ એ ક્ષણને શાશ્વતીમાં પલટી નાખવાનો કીમિયો તે પ્રેમ - **જયવતીકાજી**
- મોટી ઉંમરે આવતી સમસ્યાઓનું મૂળ આપણા બચપણમાં રહેલું હોય છે - **ફ્રોઈડ**
- શુદ્ધ સ્નેહના સંબંધની નાનકડી મૂડીથી જીવનની લીલીસૂકી વચ્ચે મન હર્યુભર્યુ રહી શકે છે - **હૃદયસૂત્ર**
- ‘સ’થી શરુ થતાં પાંચ શબ્દો સંબંધમાં ભળે તો દાંપત્ય જીવન સૂરીલું અને સૂમધુર બની રહે છે એ પાંચ શબ્દો છે (૧) સ્નેહ (૨) સન્માન (૩) સ્પર્શ (૪) સમય (૫) સહકાર - **મુનિ ભાનુચંદ્રવિજયજી**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

સત્તાને પદ મળ્યા પછી ઘણીવાર માણસ, માણસ રહેતો નથી. બદલાઈ જાય છે. એની રહેણીકરણી, પોષાક-ખોરાકમાં ‘પદ’ની આ છકલાઈ ઉતરી આવે છે.

શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી પણ એક વખત આ જ ભારત દેશના વડાપ્રધાન હતા. ‘વડાપ્રધાન’ થયા પછી પણ વડાપ્રધાનના નિવાસસ્થાનમાં ઉત્તરપ્રદેશના એક સામાન્ય ખેડૂતની જેમ જ રહેતા. સાદી પથારીમાં સૂતા. કાર્યકર હતા ત્યારે જેવો પોષાક પહેરતા એ જ પોષાક એમણે વિદેશ પ્રવાસ વખતે પણ ચાલુ જ રાખ્યો હતો. પંડિત જવાહર પછી તરત જ વડાપ્રધાન થયા હતા તેથી એમની નકલ સારી રીતે કરી શક્યા હોત!

એકવાર એમને મળવા નાનપણનો મિત્ર બંગલે આવ્યો. સાથે જમવાનું નિમંત્રણ હતું. તાળી આવી - બાળપણમાં જે રીતે સાથે જમતા તે રોટલો-શાક-ગોળ આવ્યા. મિત્રએ પૂછ્યું - તમે વડાપ્રધાન થયા છતાં... હજું આ જ જમો છો?

શાસ્ત્રીજી કહે ‘પેટ એ એનું એ જ છે.’

# બજેટમાં કૃષિ-કોર્પોરેટલક્ષી મિક્સ રૅસિપી

### તંત્રીસ્થાનેથી...

નાણાંમંત્રી અરૂણ જેટલી એમનું બજેટ કરે એ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેર જનતા સમક્ષ પેટછૂટી વાત કરતાં કહ્યું હતું કે આ બજેટ વડાપ્રધાન રુપી પરીક્ષા મારે આપવાની છે, જેમાં હું પાસ થાઉં એવી પ્રાર્થના કરજો. મોદી સામે સૌથી મોટો પડકાર ડાબેરીઓ અને કોંગ્રેસ જેવી ‘ગરીબ’ મતબેંકો ધરાવતી પાર્ટીઓએ ઊભો કર્યો હતો. એમની સરકાર માટે રાહુલ ગાંધી સૂટબૂટની સરકાર કહેવા લાગ્યા હતા. એક પગ ઈંડિયામાં અને એક પગ ઈંડિયા બહાર - જેવી રઝળપાટ કરતા વડાપ્રધાન સામે ‘એન આર આઈ વડાપ્રધાન’ જેવા કટાક્ષો પણ થતા રહ્યા છે. એમનો કૉર્પોરેટ ક્ષેત્ર અને સામા છેડે ગરીબોને વિશાળ જનસમૂહ વચ્ચે બેલેન્સ જાળવીને ચાલવાનું હતું. ડૉલર સામે સતત ગગડતા રહેલા રૂપિયાની સ્થિતિમાં દેશમાં મોદીની કલ્પના મુજબનાં રોકાણો પણ થંભી જવા પામ્યા હતા. આશાનું કિરણ એટલું જ હતું કે આખી દુનિયાની સરખામણીએ ભારતનો વિકાસ દર પ્રમાણમાં સંતોષકારક રહ્યો છે. પરંતુ ‘અચ્છે દિન’ વાળાં વચનો હવાઈ ગયાં છે અને જેટલીના નવા બજેટમાં સેવા કર વધતાં સરવાળે તમામ વસ્તુઓ અને સેવાઓ મોંઘી બની છે. કોંગ્રેસના રાજમાં જે સર્વિસ ટેક્સ ૧૨ ટકા હતો તે હવે ૧૫ ટકા પર પહોંચ્યો છે. જેટલીનું બજેટ ગ્રામલક્ષી અને ગરીબલક્ષી તેમજ કૃષિલક્ષી છે. એથી કેટલાકને તો આ બજેટ જેટલીને બદલે સીતારામ યેચુરીએ બનાવ્યું હોય એવું લાગે છે. કાચા તેલના ગગડતા રહેલા ભાવોનો ફાયદો પ્રજાજનોને આપવાને બદલે સરકારે એની જ તિજોરી તર કરી છે ત્યારે આ બજેટમાં મધ્યમ વર્ગને ખુશ કરવા જેવું કંઈક હશે એવી અપેક્ષા ખોટી પડી છે. નવા કર્મચારીઓ માટે અને પહેલી વાર ઘર ખરીદનારાઓ માટે રાહતરુપ બજેટ છે. આવકવેરા સ્લૅબમાં કોઈ ફેરફાર કરાયો નથી, તેથી ઘણા લોકો નિરાશ થયા છે. પાંચ લાખ સુધીની આવક ધરાવનારાઓને ટૅક્સમાં ૩૦૦૦ ની છૂટ મળી છે. સિનિયર સિટીઝન્સ પૂરતી નજીવી રાહત અપાઈ છે. પરંતુ સામાન્ય વ્યક્તિ માટે રોજિંદી જરૂરિયાતો મોંઘી બની જશે એમાં શંકાને સ્થાન નથી. સરકારે સવિશેષ ઈન્ફ્રાસ્ટ્રકચર -માળખાકીય સુવિધાઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું છે, તેથી રોજગારી વધશે. સરકારે ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ ભર્યું વલણ દર્શાવીને ભારતીય જનતા પાર્ટીની કિસાન વિરોધી છાપ ભૂંસવાની કોશિશ કરી છે. જે ‘મનરેગા’ વિશે ભાજપ મજાક ઉડાવતો ફરતો હતો તેને માટે માતબર રકમ ફાળવી છે, આડત્રીસ હજાર કરોડથી વધુ રકમ ફાળવીને કોંગ્રેસ કરતા પણ પોતે ગામડાંની વધારે ચિંતા કરતા હોવાની છાપ ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે. યુવા રોજગારીની વાત પણ છે પરંતુ મોબાઈલથી માંડી તૈયાર કપડાં, હોટલ, બ્યુટી પાર્લર અને નાની કાર સુદ્ધાં મોંઘી થઈ છે - હોટલ અને રેલવે-વિમાન યાત્રા મોંઘી થઈ છે ત્યારે યુવાનો એને કઈ રીતે મૂલવશે? ગયા વર્ષના અનુભવ પછી કઠોળની ખરીદી માટે ખાસ ફંડ અલગ રખાયું છે. દસ હજાર કિ.મી. નેશનલ હાઈવે અને પચાસ હજાર કિ.મી. સ્ટેટ હાઈવેના નિર્માણનો અંદાજ છે. પાક વીમા યોજના ખેડૂતો માટે આશીર્વાદ નીવડશે. ખેડૂતોનો આકર્ષવા માટે છેલ્લા ઘણા વખતથી ભાજપમાં અને કેન્દ્ર સરકારમાં ઊંડું મનોમંથન ચાલી રહ્યું હતું. ૨૦૧૯ સુધીમાં સડક યોજના પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. એ દિશામાં ગડકરી ખૂબ ગતિશીલતા સાથે કામ કરી રહ્યા છે. નાબાર્ડને ૨૦ કરોડનું ફંડ આપી ખેડૂતો માટેની સિંચાઈ યોજનાઓને ગ્રાસરુટ સ્તરે ગતિશીલ કરવાનો પ્રયાસ થયો છે. બેંકોને પણ વધુ નાણાંથી સજ્જ કરાશે. સરવાળે બજેટને ગ્રામલક્ષી અને કૃષિલક્ષી સ્વરુપ આપવામાં મોદીના નાણામંત્રીને નોંધપાત્ર સફળતા સાંપડી છે. અલબત્ત, કાળાં નાણાં વિશે લોકસભાની ચૂંટણી વખતે કરાયેલી મોટી મોટી વાતો હવે પૂરેપૂરી ભુલાઈ ગઈ છે. સરકારી ઈન્ફ્રાસ્ટ્રકચર પર વિશેષ ધ્યાન આપી રોજગારી અને વિકાસની તકો વધારવાની મંશા રાખે છે મધ્યમવર્ગની કમર તોડી નાખતું, મોંઘવારી વધારનારું બજેટ ભાજપની નવી વોટબેંક ઊભી કરી શકશે ખરી? મલ્લિકાર્જુન ખડગે કહે છે તેમ આ બજેટ ગ્રામલક્ષી કે કૃષિલક્ષી હોય તો તે સંસદમાં કોંગ્રેસના નેતા કોંગ્રેસનું સીધું અનુકરણ છે, જયારે કોર્પોરેટક્ષેત્ર માટે તો સરકારના ચારે હાથ હતા તે યથાવત જ રહ્યા છે.

# એક ટટ્ટાર ગુજરાતીની પાવન સ્મૃતિ



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ખેડા જિલ્લામાં ડેપ્યુટી કલેકટરની એક જગા ખાલી હોવા છતાં ૧૯૨૦માં ડેપ્યુટી કલેકટર તરીકે નવી નિમણૂક પામેલા મોરારજી દેસાઈની અમદાવાદથી બદલી દૂરના તેમજ અસુવિધાપૂર્ણ એવા થાણા પ્રાંતમાં કરવામાં આવી. સાફ બોલનારા તેમજ ઉગ્ર સ્વભાવના અને સ્વતંત્ર મિજાજના આ ‘અનાવલાં’ પોતાની એંટ માટે જાણીતા લોકો છે ‘અનાવલાં’ના આવા વિશિષ્ટ તથા સ્વમાની સ્વભાવની અનેક વાતો સ્વામી આનંદે નોંધી છે. અનાવલાં અધિકારીને “હાજી હા” કરવી કદી ફાવે નહિ. આથી ઉપરના અધિકારીઓએ પણ મોરારજીને પાઠ ભણાવવા બરાબર ઘાટ ઘડયો. આ વાત અંગે અફસોસ કે કડવાશ વ્યકત કરવાના બદલે મોરારજીભાઈ પોતાની કેફિયત લખતા કહે છે: “મેં જો થોડી ખુશામત કરી હોત તો મારી બદલી નજીકના ખેડા જિલ્લામાં થઈ શકી હોત. પણ ખુશામત એ માણસના સ્વમાનને હણનારી વસ્તુ છે. ખુશામત સાંભળનાર તથા કરનાર બંન્નેને ખરાબ કરે છે એ સંસ્કાર માતા-પિતા પાસેથી મળેલા. આથી તે રીતે ખુશામત કરીને લાભ મેળવવાનો ખ્યાલ મને કદી આવ્યો ન હતો.”

નવી નિમણૂકવાળા આ દૂર્ગમ વિસ્તારના લોકોના પ્રશ્નો સમજવા તથા તેનો ઉકેલ કરવા આ યુવાન ડેપ્યુટી કલેકટર દરરોજ પંદરથી વીસ માઈલનો પગપાળા પ્રવાસ કરે. આ ઉપરાંત ઘોડા પર સવારી કરી બીજા ચાલીસ પચાસ માઈલ ખૂંદી વળે! કલ્યાણની ૧૯૨૦ની અતિવૃષ્ટિમાં હોડીઓમાં ફરી રાહત કામનું અસરકારક સંકલન પણ મોરારજીભાઈ પૂરી નિષ્ઠાથી કરતા હતા. લોકશાહી વ્યવસ્થા હજુ ત્યારે ક્ષિતિજ પર પણ દેખાતી ન હતી. ગોરા શાસકોના તંત્રની બિન સંવેદનશીલતા લોકોએ મને કમને સ્વીકારી લીધી હતી. કાળના આવા જનહિત વિરોધી વહીવટી પ્રવાહમાં પ્રજાહિતની ખેવના કેન્દ્રમાં રાખીને કર્મનિષ્ઠાનું ઉજળું ઉદાહરણ મોરારજીભાઈએ પૂરું પાડેલું છે. જાહેર વહીવટમાં જોડાયેલા તમામને કર્મઠતાની પ્રેરણા મળી શકે તેવું આ એક કપરા કાળમાં રચાયેલું સોનેરી પ્રકરણ છે.

૧૯૩૫માં ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એકટ અમલમાં આવ્યો તેથી અનેક નિયંત્રણો સાથે બ્રિટીશરોએ સ્થાનિક સરકારોની રચના માટે પ્રયાસ કર્યો. કોંગ્રેસ મહત્વનો અને વગદાર રાજકીય પક્ષ તે સમયે હતો. ચૂંટણી આ નવા કાયદા હેઠળ યોજવામાં આવી. ચૂંટણી પછી મુંબઈ ધારાસભાના પક્ષના નેતા તરીકે પસંદગી કરવાની બાબત સામે આવી. સરદાર સાહેબ કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડના પ્રમુખ હતાં. સરદાર સાહેબની પસંદગી બાળાસાહેબ ખેર ઉપર ઉતરી. પોતાનાં મંત્રીમંડળમાં મોરારજીભાઈને લેવાનો બાળાસાહેબનો આગ્રહ હતો જે સરદાર પટેલે માન્ય રાખ્યો. સરકારી નોકરી છોડીને મુક્ત થનાર આ વીર ગુજરાતી ફરી શાસનની આંટીઘૂંટીઓ ઉકેલવાના કામમાં પડ્યાં. જોકે કામ તરફની નિષ્ઠા તથા શિસ્તપાલનના આગ્રહની વાત તેમનામાં હંમેશ રહી. મોરારજીભાઈએ સ્વયં પણ આ બાબતે લખ્યું કે ખેર મંત્રીમંડળમાં ૧૯૩૭થી ૧૯૩૯ સુધી તેમને જે અનુભવો થયા તે સ્વરાજય આવ્યા પછીના મંત્રીમંડળની કામગીરીમાં ઉપયોગી થયાં.

૧૯૫૮ના માર્ચમાં પંડિત જવાહરલાલ નહેરૂના આગ્રહથી દેશના નાણાંમંત્રી બને છે. દેશની પંચવષીય યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. પંડિત નહેરૂને આ યોજનાઓના પરિણામે લોકોની સુખાકારી વધારી શકાશે તેવો વિશ્વાસ હતો. આ યોજનાઓને આકાર આપવામાં તેમજ ડેફિસીટના એ સમયમાં નાણાંકીય સ્ત્રોત ઊભા કરવાનું અઘરૂં કામ મોરારજીએ કર્યુ. પ્રધાનમંત્રી આ બાબતમાં મોરારજીની શકિત પારખી શકયા હતા. સાધનોની મર્યાદા ધ્યાનમાં રાખ્યા સિવાય આ યોજનાઓનું કદ બિન જરૂરી રીતે વધી ન જાય તેની મોરારજીભાઈએ ઝીણી નજરે ખાતરી રાખી હતી.

૨૬ જૂન ૧૯૭૫નો ઐતિહાસિક દિવસ. મળસકે ચાર વાગે મોરારજીભાઈને જણાવવામાં આવે છે કે તેઓની ધરપકડ કરવા વોરંટ સાથે પોલીસ પાટી આવી છે. મોરારજીભાઈ લખે છે કે તેમના ચિત્તમાં ધરપકડના આ સમાચારથી લગીરે ખળભળાટ ન થયો. લાભ-હાનિ, જય-પરાજય જેવા સમયમાં એક યોગીને છાજે તેવી મનોસ્થિતિ કદાચ મોરારજીભાઈ સાધનાના બળે વિકસાવી શકયા હતા. મોરારજીભાઈનું જાહેર જીવનમાં યોગદાન કદી વિસરી શકાય તેવું નથી.

# ચવાઈ ગયેલી લાગણીઓથી ચુંથાઈ ગયેલી જિંદગી



### વિચારયાત્રા

ડો. જય ઓઝા

હમણાં જ મહારાષ્ટ્રનાં ખેડૂતોના આપઘાત ઉપર એક વિવાદિત બયાન આવ્યું કે ‘આ તો આત્મહત્યા કરવાની ફૅશન થઈ ગઈ છે...’ શું જિંદગીથી કંટાળીને દેવાના ડુંગર નીચે દબાઈને પરિવારને એકલો મૂકીને મરણને શરણ થવું એ કોઈ ફૅશન છે?

બીજી તરફ વિધાન આવ્યું કે ‘જેએનયુ’ માં તો માત્ર દશ મિનિટ માટે જ દેશ વિરુદ્ધ નારાબાજી થઈ હતી... શું દેશ વિરુદ્ધ બોલવા માટે કે દેશદ્રોહી છે કે નહીં તે સાબિત તો જ થાય કે તેની કોઈ ટાઈમ લિમિટ નક્કી કરી હોય.

વેલેન્ટાઈન ડે પર ‘ઈ-કાર્ડ’ થી માંડીને ‘ઈ-ગ્રીટીંગ’ મોકલ્યા પછી બીજા દિવસથી વળી રાબેતા મુજબ રુટીન ચાલુ થઈ ગયું... આ તો વરસમાં એક વાર ‘સાલ મુબારક’ કહેવાય તેમ એક ‘આઈ લવ યુ’ કહી દીધું એટલે વાત પુરી...

હનુમથ્થપાની શહીદી પછી વ્હોટ્સ અપ અને ફૅસબુક પર રાષ્ટ્રધ્વજને પોતાના પ્રોફાઈલ પિકચર બતાવવાની અથવા શહિદીના મેસેજીસ ફોરવર્ડ કરવાની જાણે સ્પર્ધા ચાલી અને હવે પાછા બધુ કોઠે પડી ગયું હોય તેમ વળી પાછું... ચાદર ઓઢીને સૂઈ જવાનું ને... પછી એય... ને વળી કોઈ જવાન આવી કોઈ મોટા હાઈપ પછી મરે એટલે વળી ફૅસબુક, વ્હોટ્સ અપ ફોરવર્ડીયા મેસેજ ચાલુ...

ઉપરના ઉદાહરણ આપવાનું કારણ એ છે કે તેમાં પહેલા બે જાહેર સમાજમાં જાહેર જીવનમાં કામ કરનારનો દ્દષ્ટાંત છે... જયારે બીજા મારા તમારા જેવા આમ લોકોના... વાત એકજ છે...

શબ્દોથી સહાનુભૂતિ દેખાડવાનું કામ સહેલું છે...

જીવન બહુ રૂટીન લાગે છે? આપણે અને આપણા જેવા હજારો આ કલેશથી લાઈફને ભરી મૂકીએ છીએ... નવું કશું વિચારવાની, કરવાની ગુંજાઈશ જ નથી રાખતા...

મધર્સ ડે પર મમ્મી-મમ્મી કરવાનું પછી આખું વરસ શું? જોયા વિચાર્યા સમજ્યા વગર ઘેટા ચાલમાં ફોરવર્ડેડ મેસેજ મોકલી મોકલીને ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઑગસ્ટે દેશભક્તિનો આફરો ચડાવી દેવાનો...

પણ એ જ ૧૫મી ઑગસ્ટે કોઈ જરૂરિયાતમંદને મદદ કરીને સ્વતંત્રતાની ઉજવણી કરી? છાપામાં ચમકવા માટે પ્રેસનોટમાં આવવા માટે ‘ધાબળા વિતરણ’ કાર્યક્રમ રાખવાનો પણ ઘરે આવતા કામવાળા બહેનને કોઈ દિવસ પૂછ્યું છે કે તમારા ઘરે કેટલા છોકરા છે! આપણા જૂના વસ્ત્રો એમ ને એમ કોઈ ગરીબ - ગુરબાને આપીને પ્રજાસત્તાક દિન ન ઉજવાય!

ટીવી ચેનલ પર સર્વેક્ષણો ચાલે કે આપણા દેશમાં આટલા ટકા ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે. તે શું એ સર્વેક્ષણો જોઈને અરેરાટી કરવાની પણ પછી કોઈ દિવસ વિચાર્યું કે આપણે પોતે પણ એ ટકાવારી વધારવામાં સહભાગી છીએ... લાંચ લઈને નહીં તો આપીને!

આપણે ક્ષણોમાં જીવતા માણસો છીએ... આપણને સંવેદનાના ઊભરા કો’ક જ વાર થોડા સમય માટે આવે છે અને વળી પાછી ચેતનાની બેટરી કાઢી નાખેલા ઢીંગલા જેવી બની જઈએ છીએ... જે રંગલો જાણે છે બધું જ પણ રીએક્ટ નથી કરતો...

વિરોધાભાસી દ્વંદ્વોમાં આપણું જીવન અટવાઈ ગયું છે... આપણે દેશપ્રેમી, સમાજપ્રેમી, પ્રદેશપ્રેમી, સ્વજનપ્રેમી આમાના કશું જ નથી રડ્યા - માત્ર સ્વપ્રેમી રહ્યા છીએ... આપણે ડફોળ નથી... આપણે ખૂબ શાણા છીએ... જાણીએ છીએ કે કયાં (આઘા રહેવું અને કયાં બાધા રહેવું...)

હજી પણ આપણી માનસિકતા છે કે, ભગતસિંહ જેવા વીર જન્મવા તો જોઈએ પરંતુ આપણા ઘરે નહીં... બાજુવાળાના ઘરે...

આપણે શિષ્ટાચાર પૂરો કરતા હોઈએ તેમ જીવી નાખીએ છીએ... ફલાણાએ મારી સાથે કેવી રીતે કયો વ્યવહાર કર્યો તેમ હું તેની સાથે ચાલુ... લગ્નની સિઝન ચાલે છે... સંબંધીઓની કંકોત્રી આવે એટલે સૌ પ્રથમ પોતાના ઘરના પ્રસંગમાં તેમણે કરેલ વ્યવહાર અને તેની નોંધ કરેલી નોટ કાઢીને જોઈ લેવાનું તે જ પ્રમાણે આપણે પણ ચાલ્લો કરવાનો...

અધુરા જીવતા આપણે મધુરપ છોડી દીધી છે... જીવનમાં બીજા માટેના માપદંડ અલગ અને પોતાની માટેના માપદંડ અલગ... બીજાની માટે જે વિચારીએ તે પોતાની માટે નથી વિચારી શકતા...

કાં’તો સામા વાળાથી જલ્દી અભિભૂત થઈ જવાનું અથવા તો સામા માણસને ઘડીના છઠ્ઠા ભાગમાં ઉતારી પાડવાનો... બધુ ઈન્સ્ટન્ટ નૂડલ્સ જેવું થઈ ગયું છે.

બે ઘડી નિરાંતે બેસીને વિચારીને કસોટીની એરણ પર ચડીને આપણે, આપણો પોતીકો કહેવાય તેવો અભિપ્રાય છે? ગામ આખું જયા જયા ત્યાં દોડવાનું... બીજાની બુદ્ધિના તાલે આપણું દિમાગ ગોઠવી દેવાનું... મન અને હૃદય વચ્ચે તુમુલ યુદ્ધ થાય પરંતુ ખોટો તો ખોટો પરંતુ પોતાનો પોતીકો નિર્ણય લેવામાં આપણે ડરીએ છીએ...

‘નિરજા’ આખા ગામે વખાણી એટલે આપણે પણ જોઈને આવીને વખાણી દઈએ... કોઈ સિનેપ્રેમી વળી જો એમ પૂછી બેસે કે સ્ક્રીન પ્લેમાં શું ગમ્યું? અથવા કયાં કચાશ હતી તો આપણી પાસે ઉત્તરો નથી! ‘સરસ્વતી ચંદ્ર’ વાંચે તે સાક્ષાર. એવી છાપ ધરાવનાર પુસ્તક તો લઈ આવે પણ ‘કુમુદ’ વિશે તમારો શો અભિપ્રાય છે. તેમ પૂછીએ તો ચૂપ થઈ જાય...

ક.મા. મુન્શીની બધી શ્રેણી લાવીને મૂકી દીધી હોય પણ પૂછીએ કે મુન્શી શા માટે ‘કાક’ જેવા સેકન્ડ કેડરના વ્યક્તિને નાયકત્વ અર્પી દે છે? તો તેની વિશે કોઈ છણાવટ ન કરી શકે!

કહેવાનો મતલબ કે... જિંદગીને આપણે જીવીએ છીએ. મોનોટોનસ રીતે - મજા કરીએ છીએ... આંધળો અનુકરણ કરીને પૈસા વેડફીને ગાલ લાલ રાખીને પણ બીજાની આનંદની વ્યાખ્યામાં પોતે ફીટ થઈને હસતાં રહીએ છીએ.

- jayuoza@gmail.com
Mo. 9898046488

# પૈસા કમાવા એક વાત છે અને એ પૈસાનો બીજાના જીવનની અધુરપોને પુરા કરવામાં ઉપયોગ કરવો એ બીજી વાત છે, લક્ષ્મી જ્યારે અન્યને મદદરૂપ થવામાં વપરાય છે ત્યારે તે મહાલક્ષ્મી બને છે



### અજવાળું - અજવાળું

તુષાર જોશી

‘જહાજ સોના-રૂપાથી મઢેલુ ભલેને હોય, પરંતુ જહાજનું નિર્માણ બંદર ઉપર-કિનારા ઉપર સ્થિર રહેવા માટે નથી થયું. જહાજે દરિયામાં ગતિ કરવી જ પડે અને જહાજે મધરિયે જવું જ પડે.’

યુવાન કિશોરના મનમાંથી અવાજ આવ્યો અને તમામ નિરાશા-હતાશાને મનમાંથી દૂર ફંગોળીને, પરિસ્થિતિનો સામનો કરવા માટે એ યુવાન મનોમન તૈયાર થયો અને એણે બીજા દિવસ વાટ પકડી અમદાવાદની.

અમદાવાદ જિલ્લાનું બરવાળા ગામ. સુખડિયા પરિવારમાં જન્મ થયો આ બાળકનો અને નામ રખાયું કિશોર. ૧૯૫૩નું એ વર્ષ. પરિવાર મૂળભૂત રીતે જૈન પરંતુ ભગવાન સ્વામિનારાયણ સદેહે બરવાળા-ગઢડામાં પધાર્યા એ સમયે આ પરિવારના વડવાઓએ સ્વામિનારાયણ ધર્મ સ્વીકાર્યો હતો અને ત્યારથી ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલા સિદ્ધાંતો અને આહાર-વિહાર તથા આચરણના નિયમોને તેમણે અનુસરવાનું શરુ કર્યું હતું. બાળક કિશોરને પણ આ ધાર્મિક વારસો અને વિચાર વારસામાં મળ્યા. પ્રાથમિક અભ્યાસ કર્યો. બરવાળાની શાળામાં અને પછી આર્થિક કારણોસર પરિવાર બાળવા સ્થાયી થતાં હાઈસ્કૂલનો અભ્યાસ કર્યો બાવળામાં. એ પછી અમદાવાદ અપ-ડાઉન કરીને કૉલેજનો અભ્યાસ કરવાનું શરુ કર્યું. એક મહિનો અભ્યાસ કર્યો ત્યાં આર્કિક રીતે નબળી પરિસ્થિતિને કારણે અને વ્યાવસાયિક જવાબદારીઓને કારણે અભ્યાસ છુટી ગયો પછી કયારેક ભણવાનું નસીબ ન થયું.

પરંપરાગત રીતે પેઢીઓમાં ફરસાણનો વ્યવસાય એટલે પિતાજીએ બાળવામાં ફરસાણનો ધંધો શરુ કર્યો હતો. સૌરાષ્ટ્ર ફરસાણમા નામે. માત્ર બાળવા ગામ કે આસપાસના વિસ્તારમાં જ નહિ, સમગ્ર ધોળકા તાલુકાના તમામ ગામોમાં સૌરાષ્ટ્ર ફરસાણના બનાવેલા તમામ ફરસાણ અને મીઠાઈઓની નામના વ્યાપેલી હતી. માત્ર નામના નહિ કૌશલ્ય અને કારીગરીના કારણે એમને બનાવેલા તમામ ફરસાણની સુગંધ સતત બહાર ફેલાતી રહી હતી.


સમય જતાં અમદાવાદના રાયપુર ચકલા વિસ્તારમાં ચકલેશ્વર મહાદેવ સામે એમણે સૌરાષ્ટ્ર ફરસાણના નામે વ્યવસાય શરુ કર્યો. ફરસાણમાં એમણે ઉમેરો કર્યો, બફવડા નામની આઈટમનો - આજે દેશ-વિદેશથી આવેલા લોકો પણ આ બફવડાના સ્વાદને માણીને એની લિજ્જત લેવાનું ચૂકતા નથી. ભાઈ-બહેનોના બહોળા પરિવારમાં કિશોરભાઈ સહુથી નાના, પરંતુ ઉત્સાહ અને કુશળતા વિશેષ એટલે ધંધામાં ધીરે ધીરે સરળતા મેળવતા ગયા. માતા ગોદાવરીબેનનું આતિથ્ય બાળવામાં એવું કે રોજ પાંચ માણસો તો મહેમાન રુપે હોય છે. ૧૯૭૫માં કિશોરભાઈના લગ્ન થયા.

દિવસો વીત્યા પારિવારિક રીતે વ્યવસાયમાં પિતાજી ઉપર આર્થિક દેવું થયું અને કિશોરભાઈએ વિચાર્યું કે હવે તો પૂર્ણરુપે અમદાવાદમાં જઈને જ ધંધો કરવો છે. એ સમયે એમના દિલમાંથી એ અવાજ આવ્યો જે આ લેખના આરંભે લખ્યો છે.

સાહસ કરનારને સથવારો પણ મળી રહે તેમ કિશોરભાઈને સથવારો મળ્યો મૂળ બાળવા જ બિલ્ડર દિલીપભાઈ દેસાઈનો. કિશોરભાઈએ જમીનની લે-વેચ અને મકાનોના ક્ષેત્રે કાર્યનો આરંભ કર્યો અનેક સ્કીમો બતાવી અને ન માત્ર પિતાજીનું દેવું ચુકવ્યું પરંતુ આર્થિક રીતે સમૃદ્ધ પણ થયા. બિલ્ડર તરીકે વિશ્વાસ સ્થાયો. માતાની બિમારીની સાવરાર કરવી. માતાના નામ સાથે જોડાયેલું ટ્રસ્ટ કર્યુ ને સુખડીયા સમાજના કોઈ પણ વ્યક્તિને મેડિકલ સારવાર માટે રૂા. ૧૫ હજાર સુધીની સહાય શરુ કરી. કિશોરભાઈ હંમેશા કહે છે કે, માતા-પિતાના આશીર્વાદથી જ જીવનમાં સુખી થવાય છે.

એમની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનું સ્થળ એટલે સાળંગપુરનું શ્રી હનુમાનજી મહારાજનું મંદિર. તેઓ માને છે કે હનુમાનજીની અપાર કૃપાથી તેઓ ખુબ કમાયા છે ને સામાજિક સેવામાં એટલા પૈસા પણ એમણે વાપર્યા છે. દર શનિવારે તેઓ સાળંગપુર હનુમાનજીના દર્શને અચુક પહોંચી જાય છે. તેઓ જ્ઞાતિજનોને જ નહિ સમાજને કોઈ પણ વર્ગના લોકોને પૈસા પણ આપે ઓછે ને અનાજ પણ આપે છે, એ પણ એમને ખબર ન પડે એ રીતે. અત્યાર સુધીમાં લગભગ ૫૦૦ જેટલી દીકરીઓના સમુહલગ્ન કરાવવામાં તેઓ વિવિધ સમાજ અને વર્ગના લોકોમાં નિમિત્ત બન્યા છે.

કિશોરકાકાના નામે ઓળખતા આ વ્યક્તિત્વની સુવાસ આજે સમાજના તમામ વર્ગોમાં ફેલાયેલી છે અને તેમના પદકાર્યોની સંખ્યા પણ વધતી રહી છે.



આપણી આસપાસ એવા કેટલાય વ્યક્તિઓ હોય છે જેઓ આર્થિક રીતે સંપન્ન થયા એમાં એમની દીર્ઘદષ્ટિ-કોઠાસૂઝ અને સાહસ કારણભૂત હોય છે એથી આગળ જઈને એમ કહી શકાય કે પરિસ્થિતિ સાથે કામ પાડીને ઊભા થયેલા પ્રશ્નોના સુખદ નિરાકરણની તેમની તૈયારી હોય છે.

આર્થિક રીતે સંપન્ન થયેલા લોકો પોતાના સમાજ માટે અને અન્ય સમાજ માટે પણ જયારે દાનનો પ્રવાહ વહાવે છે - બીજાને ખબર ન પડે તેમનું ગૌરવ સચવાય તે રીતે મદદ કરે છે ત્યારે એમની આર્થિક સમૃદ્ધિની સાથે તેમનામાં રહેલા સદ્ગુણોની સુવાસ પણ પ્રસરે છે.

પૈસા કમાવા એક વાત છે અને એ પૈસાનો બીજાના જીવનની અધુરપોને પુરા કરવામાં ઉપયોગ કરવો એ બીજી વાત છે. લક્ષ્મી જયારે અન્યને મદદરુપ થવામાં વપરાય છે ત્યારે તે મહાલક્ષ્મી બને છે એમાં પણ સામેના માણસનું ગૌરવ સચવાય તેમ મદદ થાય ત્યારે સમાજ જીવનમાં અજવાળાં રેલાય છે.

**તેજપૂંજ :**

**એવો કોઈ દિલદાર**
**જગતમાં નજર આવે**
**આપી દે મદદ કિન્તુ**
**ન લાચાર બનાવે...**